# P. R. JOSHI & ASSOCIATES

**LABOUR LAW CONSULTANT (Only For Owner's Side)**

**INDUSTRIALIST ASSOCIATION OF JAMNAGAR DISTRICT**

204 , Manek Centre , Pandit Nehru Marg , Opp. Income Tax Office , JAMNAGAR - 361008

Phone : (0288) 2677870 Email : prjoshi2677870@gmail.com

:: BRANCH OFFICE ::

101, Nilkanth Tower, Opp. IFFCO Main Gate, GANDHIDHAM DIST. KUTCHH

**PRAKASH R. JOSHI : 09925019942** **DEEPAK P. JOSHI (Advocate) : 09879569942**


## : પ્રોવિડન્ટ ફંડના કાયદા તળેના સુચનો :

૧. સંસ્થા / ફેક્ટરીમાં નવા કર્મચારી દાખલ થાય ત્યારે તેનુ આધારા કાર્ડની નકલ તથા જન્મ તારીખ અમોને તાત્કાલીક મોકલી આપવા ફરજીયાત છે. ત્યાર બાદ પીએફમાં નવા કર્મચારીનું પીએફ ભરી શકાશે. ઊપરોકત નવા કર્મચારીઓની વિગત નહી આપવામાં આવે તો તે સંજોગોમાં તેનું પીએફ ભરી શકાશે નહી.

૨. સંસ્થા / ફેક્ટરીએ તેના જવાબદાર વ્યકિતની કલાસ-૨ એપ્રુવ ડીજીટલ સીગ્નેચર રજીસ્ટર કરાવવી ફરજીયાત છે. વધુમાં રજીસ્ટર કરાવેલી ડીજીટલ સીગ્ચેનરની મુદત પુરી થઇ ગયેલ હોય તો તે રીન્યુ કરાવીને અથવા નવી બનાવીને પીએફમાં રજીસ્ટર કરાવવી ફરજીયાત છે.

૩. કર્મચારીની ઉમર ૫૮ વર્ષ પુર્ણ થાય એટલે (જન્મ તારીખના આધાર સાથે) તેની જાણ અમારી ઓફીસે તાત્કાલીક કરવી ફરજીયાત છે. તેમાં વિલંબ થયે તેવા કર્મચારીના પીએફની વધારાની રકમ માલિકે પીએફમાં જમા કરાવવી પડશે અને ત્યાર બાદ જ કર્મચારીને પીએફની રકમ મળી શકશે.

૪. કર્મચારીને તેની પીએફના ખાતાની વિગત નીચેની લીન્ક મારફત જેતે કર્મચારી પોતે UAN નંબર એકટીવેટ કરાવીને જાણી શકશે. https://unifiedportal-mem.epfindia.gov.in/memberinterface/ ---> Activate Your UAN

૫. સંસ્થામાં કામ કરતા દરેક કર્મચારીના KYC (Aadhar card and Bank Details) પીએફ ડીપાર્ટમેન્ટના યુએએન પોર્ટલ પર અપલોડ કરાવવા ફરજીયાત છે.

૬. પીએફ અને ઇ.એસ.આઇ. દરેક મહીનાની તારીખ ૧૫(પંદર) અથવા તે પહેલા ભરી દેવું જોઇએ. ૧૫ (પંદર) તારીખ બાદ પીએફ તથા ઇ.એસ.આઇ.નો ફાળો ભરવાથી ડીપાર્ટમેન્ટની ઓનલાઇન સીસ્ટમથી જે તે સંસ્થાને ડીફોલ્ટર તરીકે જાહેર કરી શકે છે અને વ્યાજ, દંડ તથા ઇન્સ્પેકશનનો સામનો કરવો પડી શકે છે. જે મહીનાનો પીએફનો ફાળો ૧૫ (પંદર) તારીખ બાદ ભરવામાં આવશે તે મહીનાનો PMRPY સ્કીમનો બેનીફીટ મળશે નહી.

*૭. ભારત સરકાર તરફથી લોન્ચ કરવામાં આવેલ '<u>પ્રધાન મંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના</u>' (<u>PMRPY</u>) સ્કીમમાં નવા કર્મચારીઓનું એનરોલમેન્ટ તા.૦૧/૦૪/૨૦૧૯થી પીએફ ડીપાર્ટમેન્ટ દ્વારા બંધ કરવામાં આવેલ છે.*

## : ઇ.એસ.આઇ.ના કાયદા તળેના સુચનો :

૧. સંસ્થામાં કામ કરતા કોઇપણ કર્મચારીનો પગાર રૂા.૨૧૦૦૦/- કે તેનાથી ઓછો હશે તો તેવા કર્મચારીના પગારમાંથી તા.૦૧/૦૧/૨૦૧૭થી ઇ.એસ.આઇ.ની કપાત કરવી ફરજીયાત છે. ઇ.એસ.આઇ.માં જે જુની રૂા.૧૫૦૦૦/- ની પગારની જે લીમીટ હતી તે વધીને રૂા.૨૧૦૦૦/-ની થયેલ છે.

૨. સંસ્થામાં દાખલ થયેલ નવા કર્મચારીનો ઇ.એસ.આઇ. નંબર લેતી વખતે કર્મચારીનો તથા તેના ફેમીલી મેમ્બરના આધાર કાર્ડ નંબર ખાસ મોકલવા.

૩. સંસ્થામાં દાખલ થયેલ નવા કર્મચારીનો ઇ.એસ.આઇ. નંબર લીધા પછી તેના નામમાં ફેરફાર થઇ શકશે નહિ.

## : અન્ય અગત્યના સુચનો :

૧. જે ફેકટરી કે સંસ્થામાં ૧૦ કે તેનાથી વધારે કામદારો કામ કરતા હોય તો તેવા કામદારોને પગાર ચેકથી/બેંક મારફત ચુકવવો ફરજીયાત છે.

૨. ધી પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઇટી એકટ તળે વ્યકિતગત કર્મચારીને ચુકવવાપાત્ર થતી ગ્રેચ્યુઇટીની રકમની મર્યાદા વધુમાં વધુ ૧૦ લાખ હતી તે વધારીને ૨૦ લાખ કરવામાં આવેલ છે.

૩. ધી પેમેન્ટ ઓફ બોનસ એકટ તળે નફાના પ્રમાણમાં બોનસ ચુકવવા માટેની ટકાવારી લઘુતમ ૮.33% તથા મહત્તમ ૨૦ % છે.

તા.૦૧/૦૪/૨૦૧૯ થી તા.૩૦/૦૯/૨૦૧૯ સુધીના સમય માટેના લઘુતમ વેતન દરો નીચે મુજબ છે.

**ZONE - I**

| Sr No. | Details | Basic | D.A. | Per Day |
|---|---|---|---|---|
| 1 | Skilled | 293.00 | 39.90 | 332.90 |
| 2 | Semi Skilled | 284.00 | 39.90 | 323.90 |
| 3 | Un Skilled | 276.00 | 39.90 | 315.90 |

**ZONE - II**

| Sr No. | Details | Basic | D.A. | Per Day |
|---|---|---|---|---|
| 1 | Skilled | 284.00 | 39.90 | 323.90 |
| 2 | Semi Skilled | 276.00 | 39.90 | 315.90 |
| 3 | Un Skilled | 268.00 | 39.90 | 307.90 |

મહાનગર પાલીકામાં આવતા તમામ વિસ્તારને ઝોન-૧ ના મીનીમમ વેજીસ લાગુ પડશે તથા તે સિવાયના વિસ્તારને ઝોન-૨ ના મીનીમમ વેજીસ લાગુ પડશે.